**<u>દાહોદના મહે. જ્યુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમા, દાહોદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.:- ૨૫૪૪/૨૦૨૪.</u>**

**<u>આંક - ૦૧ તળે હુકમ.</u>**

(૧) આ કામના **આરોપી વિનોદભાઈ મગનભાઈ ગારી, રહે. નિશાળ ફળિયા, મોટી લછેલી, તા.જી.દાહોદવાળા** વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની **કલમ-૬૬(૧)બી** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આજરોજ આરોપીએ તેમની સામેનો ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની **કલમ-૬૬(૧)બી** ના આક્ષેપ અંગે ગુન્હો કબુલ કરતી કબુલાત પુરસીસ **આંક-૦૩** થી આ અદાલતમાં રજૂ કરેલ છે. જેથી **આંક-૦૪** થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના સદર ગુન્હાની કબુલાત સ્વૈચ્છીક રીતે, સમજી, વિચારીને કરેલી છે.

(૩) આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે, તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે, જેથી દયા કરવા અરજ કરેલ છે. તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસ કે જે, ૨૦૦૫ જી.એલ.આર પાના નંબર ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તે ચુકાદો વંચાણે લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- : <u>હુકમ</u> : -**

આ કામના **આરોપી વિનોદભાઈ મગનભાઈ ગારી, રહે. નિશાળ ફળિયા, મોટી લછેલી, તા.જી.દાહોદવાળાને** ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ-૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની કલમ-૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા એકસો) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:- ૧૪/૦૯/૨૦૨૪

દાહોદ.

(ડી.ડી.શાહ)

જ્યુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દાહોદ

જી.જે.૦૧૫૫૧.